**મે. અમદાવાદ ખાતેનાં મજૂર અદાલતના પ્રિસાઈડીંગ ઓફીસરશ્રી**
**(સીની. સિવિલ જજ સાહેબ)ની કોર્ટમાં, મુ.અમદાવાદ.**
**ફોજદારી કેસ નં.૩૩૧૫/૨૦૨૩.**
**આંકઃ–**

**ફરિયાદીઃ–** **નામદાર સરકારશ્રી તરફે શ્રી આર. વી. પંડયા**
ઈન્સ્પેકટર ઓફ ઈન્સ્પેકશન ઓફ બિલ્ડીંગ એન્ડ
અધર કન્સ્ટ્રકશન, અમદાવાદ.
કચેરીઃનિયામકશ્રી, ઔદ્યોગિક સલામતી અને સ્વાસ્થ્ય,
૪ થો માળ, શ્રમ ભવન, રૂસ્તમ કામા માર્ગ,
ગન હાઉસની બાજુમાં, ખાનપુર, અમદાવાદ ૩૮૦૦૦૧.

**વિરુદ્ધ**

**આરોપીઃ-** (૧) **એમ્પ્લોયર :**
**શ્રી ભાર્ગવ ભાનુભાઈ સુહાગીયા**
રહે. એ–૩૦૩, સત્યમ સ્કાય લાઈન,
ટોરેન્ટ પાવર ઓફીસ સામે, નારણપુરા,
અમદાવાદ– ૩૮૦૦૧૩

(૨) **બાંધકામ સંસ્થા**
**યુનિટી ઈન્ફ્રાસ્પેસ**
ઠે. ૩૦, નારાયણ બંગલોઝ, પ્રસંગ પાર્ટી પ્લોટ સામે,
ગોતા, અમદાવાદ– ૩૮૨૪૮૧

ગુન્હોઃ–ધી બિલ્ડીંગ એન્ડ અધર કન્સ્ટ્રકશન વર્કસ રૂલ્સ ૨૦૦૩ નાં ભંગ બદલ કલમ–૪૭ મુજબ શિક્ષાપાત્ર ગુનો કરવા બાબત.

**–:: ઠ રા વ ::–**

(૧) નામ.ગુજરાત હાઈકોર્ટનાં નોટીફીકેશન નં.એ.૩૬૦૮/૨૦૧૫, તા.૨૩/૦૬/૨૦૧૭ અન્વયે ફોજદારી કેસો ચલાવવાની સત્તા સિવિલ જજ તથા જ્યુ.મેજી.ફ.ક. ને મળતા સદરહુ ફોજદારી કેસ અત્રેની મજૂર અદાલતમાં દાખલ થતા, સદરહુ ફોજદારી કેસને ફોજદારી કેસ નં.૯૬૯/૨૦૨૧ થી રજીસ્ટરે લેવામાં આવેલ છે.

(૨) ફરિયાદપક્ષનાં કેસની હકીકત ટુંકમાં એવી છે કે, આ કામના ફરિયાદી ધી બિલ્ડીંગ એન્ડ અધર કન્સ્ટ્રકશન વર્કસ એકટ ૧૯૯૬ ની કલમ–૪૨(૩) નીચે નિરીક્ષક તરીકે નિમાયેલા છે. આ કામનાં ફરિયાદીએ આરોપી સંસ્થાની બાંધકાની સાઈટની તા.૨૨–૮–૨૦૨૩ નાં રોજ મુલાકાત લેતા, સદરહુ આરોપીઓએ ધી બિલ્ડીંગ એન્ડ અધર કન્સ્ટ્રકશન વર્કસ **(રેગ્યુલેશન ઓફ એમ્પલોયમેન્ટ એન્ડ કન્ડીશન્સ ઓફ સર્વિસ) એકટ ૨૦૦૩ ના નિયમ ૫૫ (૧)** ની જોગવાઈઓનો ભંગ બદલ ધી બિલ્ડીંગ એન્ડ અધર કન્સ્ટ્રકશન વર્કસ એકટ ૧૯૯૬ ની **કલમ–૪૭** મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ હોવાની લેખિત ફરિયાદ શ્રી સરકારી અધિકારીએ કોર્ટ સમક્ષ રજુ કરેલ છે.

(૩) હાલની ફરિયાદ અત્રેની અદાલતમાં ટ્રાન્સફર થઈ આવ્યા બાદ, અત્રેની અદાલત દ્વારા આ કામનાં આરોપી સંસ્થા તથા તેનાં જવાબદાર વ્યકિતઓને સમન્સ કરતા, આરોપી સંસ્થા જાતે અત્રેની અદાલત સમક્ષ હાજર થયેલ છે અને તેઓનો ઓથોરીટી લેટર રજુ

કરેલ છે, ત્યારબાદ તેઓને વિના મુલ્યે કેસ પેપર્સની નકલો પુરી પાડવામાં આવેલ, ત્યારબાદ તેઓની પ્લી લેવામાં આવેલ, જેમાં તેઓ ગુનો કબુલ કરે છે અને કબુલાત પુરસીસ પણ રજુ રાખેલ છે અને તેઓનો/સંસ્થાનો પ્રથમ ગુનો હોય દરગુજર કરવા તેમજ ભવિષ્યમાં આવો ગુનો ફરીથી નહીં કરે તેવી ખાત્રી આપેલ છે અને આ તેનો પ્રથમ ગુનો હોય રહેમ રાખી ઓછામાં ઓછી શિક્ષા કરવા અરજ કરેલ છે.

(૪) હાલનાં કામે તહોમતદારોએ ગુનાની કબુલાત પુરસીસ રજુ કરતા આરોપીને સમજાવવામાં આવેલ કે તેઓ ગુન્હો કબુલ કરવા બંધાયેલ નથી અને તેઓ ગુન્હો કબુલ કરશે તો આવી કબુલાત તેઓ વિરુદ્ધ પુરાવા તરીકે ઉપયોગમાં લેવાશે, આમ છતાં તેઓ તમો તહોમતદાર વતી હાલનો ગુનો કબુલ કરતા હોવાનું જણાવે છે, ત્યારબાદ તમામ તહોમદારોની પ્લી રેકર્ડ કરવામાં આવતા તેમાં પણ તેઓ આ કામે તહોમતદાર કંપની હાલનો ગુન્હો કબુલ હોવાનુ જણાવેલ છે. આમ, આ કામે તહોમતદાર કંપની સ્વૈચ્છિક રીતે પોતાનો ગુન્હો કબુલ કરતા હોવાનું જણાય છે.

(૫) ઉપરોક્ત રજુઆત તથા કેસની હકીકત તથા કાયદામાં કરવામાં આવેલ સજાની જોગવાઈ ધ્યાનમાં લેતા, આ કામે તહોમતદાર તે કંપનીનાં જવાબદાર અધિકારી હોય, તેમજ તેઓ સ્વેચ્છાપુર્વક રાજી ખુશીથી હાલનો ગુનો કબુલ રાખતા હોય, હાલનાં તહોમતદારને શિક્ષાત્મક સજા કરવાને બદલે દંડાત્મક શિક્ષા કરવામાં આવશે તો ન્યાયનો હેતુ જળવાઈ રહેશે તેવુ અત્રેની કોર્ટનું માનવુ છે. સવિશેષ નામદાર ગુજરાત હાઈકોર્ટ દ્વારા સ્ટેટ ઓફ ગુજરાત વિરુદ્ધ નટવર હરચંદજી ઠાકોર રીપોર્ટેડ ઈન ૨૦૦૫(૧) જી.એલ.આર. પાનું-૭૦૯ નાં ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિદ્ધાંતને લક્ષમાં લેતાં, હાલનાં આરોપી વિરુદ્ધ ગુનો સાબિત થયેલ છે તેમજ તેઓની રજુઆતને ધ્યાનમાં લઈ નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

**--:: હુ ક મ ::--**

૧) સદર કામે આરોપી/સંસ્થાને ક્રિ.પ્રો.કો.કલમ-૨૫૨ અન્વયે ધી બિલ્ડીંગ એન્ડ અધર કન્સ્ટ્રકશન વર્કસ રૂલ્સ ૨૦૦૩ નાં **નિયમ-૫૫ (૧)** નાં ભંગ બદલ ધી બિલ્ડીંગ એન્ડ અધર કન્સ્ટ્રકશન વર્કસની **કલમ-૪૭** હેઠળ તકસીરવાન ઠરાવીને આરોપીને રૂ.૫૦૦/- નિયમ x ૨ આરોપી એટલે કે, **રૂ.૧,૦૦૦/- ( અંકે રૂપિયા એક હજાર પુરા )** નો દંડ, અને જો દંડ ન ભરે તો દિન-૩૦ ની સાદી કેદની સજા ભોગવવા હુકમ કરવામાં આવે છે.

૨) આરોપી દંડની રકમ ભરવાનો કસૂર કરે તો તેઓએ એક માસની સાદી કેદની સજા ભોગવવાની રહેશે.

૩) આરોપીએ ભરેલ દંડની રકમ સરકારશ્રીમાં જમા કરવી.

આ હુકમ આજરોજ તા.૦૯/૦૩/૨૦૨૪ ના રોજ અત્રેની કોર્ટના સ્પેશ્યલ સીટીંગ દરમ્યાન વાંચી, સંભળાવી, સહી કરી જાહેર કરવામાં આવે છે.

તારીખ : ૦૯/૦૩/૨૦૨૪
સ્થળ : અમદાવાદ.

**( કુત્બુદ્દીન નુરમોહંમદ સરવૈયા)**
CODE : GJ00966
એડિશ્નલ ચીફ જયુડિશ્યલ મેજીસ્ટ્રેટ,
ન્યાયાધીશ (સિનિયર ડિવીઝન)
લેબર કોર્ટ, અમદાવાદ.